જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૩/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૦૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૮૮	૧	૧૧૨૮૯	૧૭૪૧૦	૧	૧૭૪૧૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૯૮૫	૧	૨૮૯૮૬	૩૦૩૦૪	૧	૩૦૩૦૫
કુલ		૪૫૦૪૫	૨	૪૫૦૪૭	૫૪૨૧૬	૨	૫૪૨૧૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૩	૯,૩૯,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૮૫	૬,૮૫,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

નીકોલ પોલીસ સ્ટેશનના વાહન ચોરીના ગુનાના આરોપીને ચોરી કરેલ વાહન સાથે પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના "પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા" નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો નાઇટ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન નરોડા દહેગામ સર્કલ પાસે આવતાં સાથેના પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ નાઓની સયુંક્ત બાતમી હકીકત આધારે એક ઇસમ નામે શંકરભાઇ કૌડાજી જાતે.ડામોર ઉ.વ.૨૬ ધંધો.મજુરી રહે-હાલ-બારેજડી તળાવપાસે ઇટોના ભઠ્ઠામાં તા.દસક્રોઇ જી.અમદાવાદ મુળ વતન - ગામ.બામણી - યાવાળા ગરીયાતા તા.સાગવાડા જી.ડુગરપુર (રાજસ્થાન)નાને પકડી પોતાની પાસેના મો.સાની આર.સી. બુક અગર બીજુ કોઇ લખાણ હોય તો બતાવાનુ કહેતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ અને ગલ્લાતલા કરવા લાગેલ.અને છળ કપટથી મેળવેલાનુ જણાઇ આવેલ. અને સખતાઇથી પુછપરછ કરતાં પોતે આ મો.સા નીકોલ ગજાનંદ કોપ્લેક્ષ આગળ પાર્કીંગમાંથી ચોરી કરેલાનુ જણાવેલ જે મો.સા બાબતે "નિકોલ પો.સ્ટે પાર્ટ-એ- ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૫૨૧૦૨૧૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો નોંધાયેલ હોઇ તો સદર ગુનાના કામે ચોરી માં ગયેલ હિરો સ્પેલન્ડર મોટર સાયકલ જેનો આર.ટી.ઓ.નં- જીજે-૨૭-એમ-૯૦૩૧ છે.તે જેની કિમત ૩૫૦૦૦/- ગણી.સદર મો.સા. સી.આર.પી.સી.કલમ- ૧૦૨ મુજબ કબજે કરી સદર આરોપીને તા.૦૩/૦૩/૨૦૨૧ ના કલાક ૦૫/૩૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી નીકોલ પો.સ્ટે નો વાહન ચોરીનો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.તા-૦૩/૦૩/૨૦૨૧.

આરોપીનુ નામ –

શંકરભાઇ કૌડાજી જાતે.ડામોર ઉ.વ.૨૬ ધંધો.મજુરી રહે-હાલ-બારેજડી તળાવપાસે ઇટોના ભઠ્ઠામાં તા.દસક્રોઇ જી.અમદાવાદ મુળ વતન - ગામ.બામણી -યાવાળા ગરીયાતા તા.સાગવાડા જી.ડુગરપુર (રાજસ્થાન)

મુદ્દામાલ :-

હીરો કંપનીનુ સ્પ્લેન્ડર મો.સા. આર.ટી.ઓ.નં-જીજે-૨૭-એમ-૯૦૩૧ લખેલ છે. કી.રૂ.૩૫,૦૦૦/- ગણી શકાય

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો.પંકેશ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર.મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.અભીશેક અશ્વીનકુમાર બ.નં.૭૦૦૫.



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર તથા ઉપલી કચેરી તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ/જુગાર નીપ્રવૃત્તી નેસ્ટ નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૩/૦૩/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૫/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૫/૫૫ વાગે શુકન ચાર રસ્તા પાસે જાહેર રોડ ઉપર આવતા સર્વેલન્સ સ્કોર્ડના લોકરક્ષક અવિનાશસિંહ ઇંદ્રસિંહ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " શુકન ચાર રસ્તા પાસે સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત નામની બિલ્ડીંગમાં પાંચમાં માળે લીફટ ની સામે આવેલ લાઇબ્રેરી લખેલ રૂમ ની અંદર સદરી સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત ની અંદર સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા અનિલકુમાર સુરેશભાઇ મિશ્રા તથા સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત ના પ્રબંધક(મેનેજર) આશિષકુમાર પુરષોતમદાસ ક્રિશ્ચયન નાઓ ભેગા મળી પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી કેટલાક ઇસમોને જુગાર રમવા સારૂ બોલાવી ભેગા કરી પોત-પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પૈસા પાનાથી નાંણાની હારજીતનો તીન-પતીનો જુગાર રમી રમાડે છે.અને હાલમાં ઉપરોક્ત જગ્યાએ જુગારનો અખાડો ચાલુ છે." જે બાતમી હકીકત આધારી સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યાએ " સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત " નામની બિલ્ડીંગ ની અંદર રેઇડ કરી લાઇબ્રેરી લખેલ રૂમ ની અંદર રૂમમાંથી જુગાર રમતા પંદર આરોપીઓને અંગજડતીના રોકડા નાંણા રૂ.૨૩,૬૦૦/-તથા દાવ ઉપરથી મળેલ રોકડનાંણા રૂ.૪,૫૦૦/-તથા નાળ ના રોકડ નાણા રૂ.૨,૦૦૦/-મળી કુલ્લે રોકડાનાંણા રૂ.૩૦,૧૦૦/-તથા એક આઇ.ડેન્ટી કાર્ડ કિ.રૂ.૦૦/૦૦ તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૧૪ કુલ્લે કિ.રૂ.૮૭,૫૦૦/-તથા કુલ્લે વાહન ૦૬ કુલ્લે કિ.રૂ.૨,૦૦,૦૦૦/-સાથે મળી કુલ્લે રૂ.૩,૧૭,૬૦૦/-ના મુદ્દામાલ સાથે ક.૨૦/૩૦ વાગે પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૦૪/૦૩/૨૦૨૧

આરોપીઓનું નામ :

(૧)અનિલકુમાર સ/ઓ સુરેશભાઇ જાતે મીશ્રા ઉ.વ.૩૧ રહે,મ.નં-બી/૨૮,શ્રી કેશવ પાર્ક સોસાયટી કઠવાડા રોડ નવા નરોડા અમદાવાદ શહેર +૧૪=૧૫

મુદ્દામાલ :-

અંગઝડતી ના રોકડા નાંણા રૂ.૨૩,૬૦૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૪,૫૦૦/-તથા નાળ ના નાણા રૂ.૨,૦૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૩૦,૧૦૦/-જેમાં રૂ.૫૦૦ ના દરની કુલ્લે ૨૦ તથા રૂ.૨૦૦ ના દર ની ૨૮ નોટો તથા રૂ.૧૦૦ ના દર ની નવે તથા જુની કુલ્લે ૪૦ નોટો તથા રૂ.૫૦ ના દર ની કુલ્લે-૫ નોટો તથા રૂ.૨૦ ના દર ની કુલ્લે-૦૯ નોટો તથા રૂ.૧૦ ના દર ની કુલ્લે ૦૭ નોટો મળી આવેલ અને એક આઇ.ડેન્ટી કાર્ડ ની કિ.રૂ.૦૦/૦૦ ની તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૧૪ કુલ્લે કિ.રૂ.૮૭,૫૦૦/- તથા કુલ્લે વાહન ૦૬ કુલ્લે કિ.રૂ.૨,૦૦,૦૦૦/-સાથે મળી કુલ્લે રૂ.૩,૧૭,૬૦૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની ટીમના માણસો એ.એસ.આઇ અશ્વિનકુમાર રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.હેડ.કોન્સ જીતેંદ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ વિનોદકુમાર ગાંડાભાઇ બ.નં-૪૯૭૨ તથા અ.પો.કોન્સ જયરાજસિંહ નરેંદ્રસિંહ બ.નં-૧૦૪૦૨ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા લોકરક્ષક વિજયસિંહ અનોપસિંહ બ.નં-૧૮૨ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮



નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

ઇસનપુર પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુનામા છેલ્લા આઠ મહીનાથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ તથા અ.હે.કો જાકીરખાન મહેબુબખાન તથા અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ નાઓ ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ નાઓને મળેલ બાતમી આધારે ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-સી-૧૧૧૯૧૦૨૨૦૦૯૮૦/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૯૮(૨),૮૧ મુજબના ગુનામા છેલ્લા આઠ મહીનાથી નાસતા ફરતા આરોપી પુંજાભાઇ રાવજીભાઇ તળપદા ઉ.વ ૪૧ રહે, ગામ-રાહતલાવ તા.જી-આણંદનાને આજરોજ તા.૦૩/૦૩/૨૦૨૧ ના કલાક ૧૫/૩૦ વાગે પકડી પાડી ગુનામા અટક કરવામા આવેલ છે તા.૦૩/૦૩/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે નિકુલ ઉર્ફે ટકુ સ/ઓફ રમેશભાઈ જાતે તેલંગુ ઉ.વ.૧૯ રહે.શંકર જમાદારની ચાલી, ન્યુ અમરપાર્કની બાજુમાં, છેલ્લા બસ સ્ટેન્ડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૨૩૧/૨૦ ઈ.પી.કો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ), ૩૨૪, ૫૦૬(૧) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨)મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦ ૩૩૨૧૦૧૫૨/૨૧ઈ.પી.કો. કલમ ૩૮૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઇસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૮૮/૨૦૨૧ તા.૦૩/૦૩/૨૦૨૧ થી પાસા અટકાયતી તરીકે "જીલ્લા જેલ-જુનાગઢ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઇસમને આજરોજ તા.૦૪/૦૩/૨૦૨૧ ના કલાક૦૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "જીલ્લા જેલ-જુનાગઢ" ખાતે મોકલી આપેલ છે.તા.૦૪/૦૩/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.સી.પરમાર

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૪૬૪ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૦ બીયરટીન, ૦૨ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૮,૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૦૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૦૮/૨૦૨૧**

વાડજઃ હાર્મની ડો/ઓ વીસ્પીસિંગ પોરચા (રહે.બંધુ સમાજ સોસાયટીપંચશીલ સોસાયટીની બાજુમાં, બેંક ઓફ ઇન્ડીયા સોસાયટી સામે ઉસ્માનપુરા) એ તા.૦૩/૦૩/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૦૨/૦૩/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, એપલ કંપનીનું ડેસ્કટોપ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- તથા શીગેટ કંપનીની હાર્ડડીસ્ક કિમત રૂપિયા ૪૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

મણીનગરઃ સરજુબહેન તે દિનેશભાઇ સુથારના વીધવા પત્ની (ઉ.વ.૬૦)(રહે.ત્રીજો માળ, મારૂતી ફ્લેટ પ્રકાશનગર જવાહર ચોક મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૩/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની જાળીનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૧,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

કાલુપુરઃ ચંપકભાઇ વિરાજી પ્રજાપતિ (રહે. આનંદ ટેનામેન્ટ સ્મુર્તિ મંદિર સામે ઘોડાસર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૩/૨૦૨૧ રાતના ૮/૩૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર ટંકશાળ રોડ, રાજા મહેતાની પોળ સામે, આશિર્વાદ બિંદી કલેક્શન નામની કટલરીની દુકાનનાં ત્રીજા માળનો દરવાજા તથા જાળીનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કાઉન્ટરનાં ડ્રોવરમાંથી રોકડ રૂપિયા ૧,૩૭,૬૫૦/-, કેમેરાનું ડી.વી.આર. તેમજ સાહેદની "કુંવર કૃપા" નામની દુકાનનાં ગલ્લામાંથી રોકડ રૂપિયા ૭,૦૦૦- મળી કુલ રૂપિયા ૧,૪૪,૬૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સરવૈયા ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૪૦૯/૨૦૨૧**

માધવપુરાઃ ગંગાબહેન નાથુભાઇ ચોહાન (ઉ.વ.૭૦)(રહે.વિભાગ-૩ બ્લોક નં.બી/૭ શિવાલય એપાર્ટમેન્ટ વેજલપુર) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૩/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે વાડજ બી.આર.ટી.એસ સ્ટેન્ડથી દુધેશ્વર ગુરૂદ્વાર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સુધીની બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ ગંગાબહેન પાસેની કાપડની થેલીમાંથી પર્સની ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાની કાનની બુટ્ટી કિમત રૂપિયા ૨૮,૦૦૦/-, સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૪૦.૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૧૧/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.પરમાર ચલાવે છે.

રાણીપઃ સંદીપભાઈ ખેલીલાલ સુથાર (ઉ.વ.૪૦)(રહે.નિર્માણ ટેર્નામેન્ટ, રૂતુરાજ સોસાયટીની બાજુમાં, ચાંદલોડીયા) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૩/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી ૨/૨૦વાગ્યા દરમ્યાન રાણીપ બલોલનગર અલ્બેટા કનસ્લટન્સી નામની ઓફીસ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ ગાડીમાંથી પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

સોનાની દોરો ખેચી તોડી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૪૧૦/૨૦૨૧**

ઓઢવઃ વિલાસબહેન વા/ઓ નરેન્દ્રસિહ સીસોદીયા (રહે.શિવધારા સોસાયટી મંગલમ સોસાયટીમીરાબાઇ સર્કલ પાસે ઓઢવ) તા.૦૩/૦૩/૨૦૨૧ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરનો દરવાજો ખોલતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિલાસબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૧,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિલાસબહેન સીસોદીયા એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૧૧/૨૦૨૧**

વાડજઃ વિશાલ કનુભાઇ ગૌર (ઉ.વ.૧૯) (રહે. પરીક્ષીતનગર ચંદ્રભાગા પુલના છેડે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૩/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

વાડજઃ શંકરલાલ રક્માજી નિનામા (ઉ.વ.૪૦) (રહે. મુખીવાસભરવાડ વાસ નવા વાડજ ગામ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ત્રીજા માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

એલીસબ્રીજઃ જૈમિનભાઇ અશ્વિનભાઇ ગાંધી (ઉ.વ.૪૧)(રહે. દેવાંશ ફ્લેટ વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૫૦ વાગ્યા પહેલા નગરી હોસ્પિટલ પાસે આવેલ શેઠ કોર્પોરેટર ટાવરના છઠ્ઠા માળેથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હીરાભાઇ મુળજીભાઇ ચલાવે છે.

મેઘાણીનગરઃ સુમતીલાલ હીરાલા જૈન (ઉ.વ.૫૨)(રહે.નેતાજીનગર રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૩/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી ૩/૨૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પાણીની ટાંકીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જ્યંતીલાલ ચલાવે છે.

રામોલઃ અનુપકુમાર તારકેશ્વર મિશ્રા (ઉ.વ.૩૧)(રહે.ધર્મભુમી એપાર્ટમેન્ટ, સી.ટી.એમ રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૩/૨૦૨૧ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇચલાવે છે.

વટવાઃ યાસીન નનુમીયા શેખ (ઉ.વ.૨૦)(રહે.બાગે મીર્જા સોસાયટી, અમન પ્લાઝા પાછળ વટવા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૩/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે બાગેમીર્જા સોસાયટીમા આવેલ મકાનના ત્રીજા માળે છતના હુકમાં દુપટ્ટો બાંધીગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલસિહ પ્રહલાદજીચલાવે છે.

જી.આઇ.ડી.સીવટવાઃ જીઆઇડીસી વટવા પ્લોટ નંબર.૭૧૩ અબ્દુલાભાઇ અબ્દુલકાદર ફૂડ કંપનીની ઓરડી ખાતે રહેતા અને ત્યા જ કામ કરતાસુખારામ સાંવલારામ સોંલકી (ઉ.વ.૧૮) (મુલ વતન ગામ ઢાંઢલીયા જોધપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૩/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે છતની લોખંડની ગડર સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી